ગાંધીનગર સમાચાર

...ને રમતા રમતા બાળકીના ગળે દુપટ્ટાથી ફાંસો આવી ગયો

# શહેરમાં વિશ્વ યોગ દિવસ ઉજવાયો

## સેન્ટ્રલ વિસ્ટા ખાતે ૭ હજાર નાગરિકો ઉત્સાહભેર જોડાયા : ગાંધીનગરમાં મંત્રીશ્રીઓ, પદાધિકારીઓ સાથે રાજય સરકારના ૧૫ જેટલા વરિષ્ઠ અધિકારીઓ યોગમાં જોડાયા







વિશ્વ યોગ દિવસની ઉજવણી અન્વયે ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટા ખાતે શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ રાજય મંત્રી શંકરભાઈ ચૌધરીએ દીપ પ્રાગટય કરી વિશ્વ યોગ દિવસનો પ્રાંરભ કર્યો હતો. મંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, યોગ એ માત્ર શારિરીક કસરત નથી, પરંતુ જીવનશૈલી સાથે જોડાયેલા માનવતાના આદર્શ સિદ્ધાંતો છે. વિશ્વ યોગ દિવસની ઉજવણીના માધ્યમ દ્વારા ઉત્તમ ચારિત્ર્ય નિર્માણની સાથો સાથ વિશ્વ કલ્યાણનું કામ થવાનું છે. વિશ્વના લોકોને યોગનું મહત્વ ભારતે પુરું પાડ્યું છે. તેનો યશ વડાપ્રધાન નરન્દ્રભાઈ મોદીના પ્રયત્નોને આભારી છે. આ પ્રસંગે ધારાસભ્ય અશોકભાઈ પટેલ, શંભુજી ઠાકોર, ખાદીગ્રામદ્યોગ બોર્ડના ચેરમેન વાડીભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ, જિલ્લા પ્રભારી સચિવ સંજીવકુમાર, જિલ્લા વિકાસ અધિકારી ડી.પી. દેસાઈ સહિત રાજયના વરિષ્ઠ અધિકારી સર્વેશ્રી આર.સી. મીના, અશ્વિનીકુમાર, જે.પી. ગૃપ્તા, જયંતિ રવિ, ઘનંજય દ્વિવેદી, રૂપવંતસિંહ, ચુઆન્ગો, પી. નટરાજન, મુરલીકિષ્ણન, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર દિનેશચંદ્ર મોદી સહિત ૧૫ જેટલા વરિષ્ઠ અધિકારીઓ યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સિવિલ ડિફેન્સ, જયોતિ મહિલા મંડળ તેમજ શહેર વસાહત મહામંડળના સભ્યોએ પમ યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# નવ વર્ષની બાળકીનું અપહરણ કરી કેનાલમાં ફેંકી દીધી..!

## રાંધેજામાં રહેતો એક તરફી પ્રેમમાં પાગલ યુવાને આચર્યુ કૃત્ય : સ્કૂલમાંથી બાળકીનું બાઈક પર અપહરણ કરીને જાસપુર લઈ ગયો : કેનાલમાં બાળકીને ફેંકીને પોતે પણ આપઘાત કરી લીધો : યુવાનનો મૃતદેહ મળ્યો : બાળકીની શોધખોળ જારી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામમાં આજે ધ્રુણા ઉભી થાય તેવો એક કિસ્સો બનવા પામ્યો હતો. ગામનો એક યુવાન પડોશમાં રહેતી પરિણીતાના એક તરફી પ્રેમમાં પાગલ હતો તેણે આજે પરિણીતાની ૯ વર્ષની દિકરીનું શાળાએથી બાઈક પર અપહરણ કરી લીધુ અને જાસપુર નર્મદા કેનાલ પાસે લઈ ગયો..! કેનાલમાં બાળકીને ફેંકી દઈ તેની હત્યા કરી નાંખી અને પોતે પણ કેનાલમાં કુદી ગયો ને આપઘાત કરી લીધો હતો. કેનાલમાંથી યુવાનનો મૃતદેહ મળી આવ્યો છે. અને બાળકીની શોધખોળ હજુ ચાલી રહી છે. પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ રાંધેજા ગામમાં રહેતી અને જે.એસ. વિદ્યામંદિરમાં અભ્યાસ કરતી નવ વર્ષની બાળકી માહી પરેશભાઈ પટેલ આજે સવારે શાળાએ ગઈ હતી. માહીની માતાના એક તરફી પ્રેમમાં પડોશમાં રહેતો એક યુવાન ઘનશ્યામ કનુભાઈ દરજી પાગલ હતો. બે-ત્રણ મહિનાથી માતાને તે હેરાન કરતો હતો અને આ મામલે બંને પરીવારો વચ્ચે બોલાચાલી પણ અગાઉ થયેલી છે. દરમ્યાન આજે આ યુવાન ઘનશ્યામ માહીની શાળાએ બાઈક લઈને પહોંચી ગયો અને રીશેષ પડી ત્યોર માહીને બાઈક પર બેસાડી તેણીનું અપહરણ કરીને લઈ ગયો હતો. રીશેષ પુરી થઈ છતા માહી ક્લાસમાં ન આવતા શિક્ષકે માહી અંગે તપાસ કરતા ખબર પડી કે તેમના પડોશમાં રહેતો યુવાન બાઈક પર લઈ ગયો છે. માહીના વાલીને ઘટનાની જાણ કરતા તેઓ દોડી આવ્યા હતા અને તે યુવકના ઘરે જઈ તપાસ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# ખ-૨ સર્કલથી ટીપી-૧૩ને જોડતા માર્ગ નિર્માણની યોજના તૈયાર

## રોડ નં-૨ ને લંબાવાતા ગુડા વિસ્તાર અને ગાંધીનગર વચ્ચે નવુ જોડાણ થશે : વાવોલ ઉવારસદ તેમજ કોલવડા જતા વાહનચાલકોને પણ નવો રસ્તો મળતા ટ્રાફિકની સમસ્યા પણ હલ થશે : રેલવે ટ્રેક બાદ રસ્તાના જોડાણ માટે ઓવર બ્રિજ બનાવાશે : પ્રોજેકટ પાછળ રૂ ૬૮ કરોડના ખર્ચનો અંદાજ

ગાંધીનગર તા ૨૧

ખ- ૨ સર્કલ થી ગુડાની ટી પી સ્કીમ નં ૧૩ ને જોડતા રેલવે લાઈન સુધીના રોડ નં ૨ને લંબાવવા માટેનુ કામ હાથ ધરવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જેના પરિણામે નવ વિકસિત આ વિસ્તારને ગાંધીનગર સાથે જોડાવા માટે નવો રસ્તો મળશે. રેલવે બ્રીજની બન્ને બાજુ એપ્રોચ રોડ તેમજ રેલવે લાઈન પર બ્રીજ નિર્માણનુ કામ પણ હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૬૮ કરોડનો ખર્ચ થશે. આ કાર્યયોજનાને અનુલક્ષી વિભાગ કક્ષાએ દરખાસ્ત પણ કરી દેવામાં આવી છે.

શહેરના ખ માર્ગ પર સ્થિત ખ-૨ સર્કલથી નવા વાવોલ તરફ જવાનો રસ્તા હાલ હયાત છે.જયારે આ રસ્તા પર ખ- ૨ સર્કલથી ૫૦૦ મીટર દુર રેલવે ટ્રેક પસાર થાય છે. ગુડા વિસ્તારમાં રસ્તાનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જયારે ખ-૨ સર્કલથી રેલવે ટ્રેક સુધી કાચો રસ્તો છે. જયારે આ રૂટમાં નવો માર્ગ અસ્તિત્વમાં આવે તો રેલવે ટ્રેક બાદના વિસ્તારમાં ગુડા વિસ્તારને જોડતો નવો રસ્તો મળે જેને અનુલક્ષી ખ-૨ સર્કલથી ગુડાની ટી પી સ્કીમ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરના ચાર પ્લોટોની હરાજી રદ કરાઈ

## હરાજીની શરતોનો ભંગ થતાં જિલ્લા તંત્રએ લીધેલો મહત્વનો નિર્ણય

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં ૨૦૧૫ના વર્ષમાં યોજાયેલ હરાજીમાં મંજૂર થયેલ હરાજીના ચાર પ્લોટમાં બોલી બોલનારાઓ દ્વારા નાણાં ભરવાની સક્ષમતાના અભાવે હરાજી રદ કરવાનો નિર્ણય જિલ્લા તંત્ર દ્વારા લેવામાં આવ્યો છે.

જિલ્લા તંત્ર દ્વારા હરાજી માટેની જે શરતો નિયત કરી હતી તેમાં હરાજી મંજૂર થયાના ૧૮૦ દિવસમાં નાણાં ભરી દેવાની તેવી જોગવાઈ હતી. આ શરતનો ભંગ થતાં હરાજી રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે જે પ્લોટોની હરાજી રદ કરવામાં આવી છે તેમાં બે પ્લોટ વાણિજય વિસ્તારના હોવાનું જાણવા મળેલ છે જે પ્લોટોની હરાજી રદ થઈ છે તેમાં સે-૧૦, સે-૬ અને સે-૩ના પ્લોટો હોવાનું જાણવા મળેલ છે.

સે-૧૧માં તેમજ સે-૬માં આવેલ બે વાણિજય પ્લોટોની હરાજી રદ કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ...ને રમતા રમતા બાળકીના ગળે દુપટ્ટાથી ફાંસો આવી ગયો

## સરગાસણ પાસે રહેતા એક પરિવારમાં બનેલી કરૂણ ઘટનાથી પરિવાર શોકાતુર : ૬ વર્ષની બાળકીના ગળે દુપટ્ટો ફીટ થઈ જતાં બેભાન અવસ્થામાં હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી

ગાંધીનગર, તા. ૨૧

રમત રમતમાં નાદાન બાળકો ક્યારેક એવી હરકત કરી બેસે છે કે તેઓના માથે જીવનુ જોખમ આવી જાય. ટીવીમાં જોયેલી ઘટનાનું અનુકરણ કરવા જતાં તેઓ ખુબ મોટી મુશ્કેલીમાં ફસાઈ જાય છે. સરગાસણ પાસેના એક ફલેટમાં આવી જ એક ઘટનામાં ૬ વર્ષની બાળકીને જીવ ખોવાનો વારો આવ્યો હતો. રમતા રમતા મમ્મીના દુપટ્ટાથી જ ગળે ફાંસો આવી જતાં શ્વાસ રૂંધાવાથી ૬ વર્ષની બાળકીનું કરૂણ મૃત્યુ નિપજ્યું હતું.

મધ્યમ વર્ગીય પરિવારમાં બનેલી આ કરૂણ ઘટનાથી સમગ્ર પરિવાર શોકમાં ડુબી ગયું છે. આ કરૂણ ઘટના અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સરગાસણ ચોકડી પાસે આવેલા દેવીકૃપા ફલેટના બ્લોક નં. બી-૧૦૨ ખાતે રહેતા પંકજભાઈ પટેલના પરિવારમાં પત્નિ અને છ વર્ષની દિકરી તન્વી અને ત્રણ વર્ષનો દિકરો છે. સેક્ટર-૨૧ના એક મેડીકલ સ્ટોરમાં નોકરી કરતાં પંકજભાઈની છ વર્ષિય દિકરી તન્વી તેના નાના ભાઈ સાથે ગઈકાલે બપોરે રમી રહી હતી. તેણે મમ્મી પાસે રમવા માટે દુપટ્ટાની માંગણી કરી હતી. દુપટ્ટો આપી મમ્મી રસોઈ સહિતના ઘરના અન્ય કામકાજમાં વ્યસ્ત બનતાં ભાઈ બહેન રમવામાં મશગુલ બન્યા હતા. થોડાક સમય બાદ તન્વીની મમ્મીએ બાળકોના રૂમમાં નજર નાંખતા તન્વી બેભાન અવસ્થામાં મળી આવી હતી. તેના ગળાની ફરતે દુપટ્ટો વિંટાઈ ગયો હતો અને એકદમ ફીટ થઈ ગયો હતો. બેભાન અવસ્થામાં જ તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જો કે ફરજ પર હાજર તબીબોએ તેને તપાસીને મૃત જાહેર કરી હતી. તન્વીના મોતના સમાચાર પરિવારને મળતાં જ પરિવારના માથે જાણે આભ તુટી પડ્યુ હતુ. માસુમ બાળકીના માતા-પિતા તો ઉંડા શોકમાં ડુબી ગયા હતા.

આ બનાવ અંગે સેક્ટર-૭ પોલીસમથકે અકસ્માતે મોતની નોંધ કરવામાં આવી છે.



દબાણ... દબાણ... દબાણ... - આજકાલ ગાંધીનગરમાં દબાણ હટાવ ઝુંબેશ ધીમી પણ મક્કમ ગતિએ આગળ ધપી રહી છે... આ જ ઈચ્છાશક્તિથી તંત્ર કામ કરે અને રાજકારણ વચ્ચે આવે નહીં તો આગામી ત્રણ માસમાં શહેર દબાણમુક્ત બની શકે છે...

# સે-૨૮ જી આઈ ડી સી વિસ્તારમાં માર્ગ સુધારણા માટે ૩ કરોડ ખર્ચાશે

ગાંધીનગર તા ૨૧

શહેરના રસ્તાઓની સુધારણા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. આમછતા જી આઈ ડી સી વિસ્તારમાં દાયકાઓથી માર્ગ સુધારણાનુ કામ હાથ ન ધરાતા રસ્તા શોધવા પડે તેવી સ્થિતિ છે. જેને અનુલક્ષીને આખરે તંત્ર દ્વારા રૂ ૩ કરોડના ખર્ચે માર્ગ નિર્માણનુ કામ હાથ ધરવામાં આવશે. આ વિસ્તારમાં રસ્તાઓની કામગીરી દરમિયાન ગાબડા પુરવા માટે યોગ્ય લેવલીંગ પણ કરવામાં આવશે.

શહેરમાં માર્ગ નિર્માણની કામગીરી માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. ગત વાઈબ્રન્ટ સમિટ પુર્વે તંત્ર દ્વારા માર્ગ સુધારણા તેમજ બ્યુટીફિકેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ કોર્પોરેશન દ્વારા પણ અગાઉ રૂ ૧૨ કરોડ માર્ગ મકાન વિભાગને ફાળવવામાં આવતા શહેરના મુખ્ય ઘ માર્ગ તેમજ અન્ય રસ્તાઓની સુધારણાનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ હતુ. જો કે હજુ શહેરના જુના સેકટરોમાં કેટલાક વિસ્તારમાં આંતરિક રસ્તાઓનુ કામ બાકી હોવાનો આક્રોસ પણ પ્રબળ બન્યો છે. ખાસ કરીને સરકારી વસાહતના વિસ્તારમાં માર્ગોનુ કામ બાકી હોવાથી તંત્ર દ્વારા આ માટે ખાસ દરખાસ્ત તૈયાર કરવામાં આવશે. જયારે નવા સેકટરોમાં પણ રસ્તાની કામગીરી હાથ ધરવા માટે તંત્ર દ્વારા દરખાસ્ત કરી દેવામાં આવી છે. જયારે શહેરના સે-૨૮ જી આઈ ડી સી વિસ્તારમાં દાયકાઓથી માર્ગ સુધારણાની કામગીરી હાથ ન ધરાતા હાલ રસ્તા શોધવા પડે તેવી સ્થિતિ છે. જયારે આ વિસ્તારમાં માર્ગ નવિનીકરણના કામ પુર્વે યોગ્ય લેવલીંગનુ કામ હાથ ધરવુ પડે તેવી સ્થિતિ છે. તંત્ર દ્વારા આ કામગીરીને અનુલક્ષી ટુંકમાં ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવશે. જો કે આ વિસ્તારમાં માર્ગ સુધારણાની કામગીરી ચોમાસા બાદ હાથ ધરવામાં આવશે.

# ગુણોત્સવ-૬માં નબળા પરિણામવાળી શાળાના આચાર્યોની બેઠક યોજવા કલેક્ટરની સૂચના

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં ગુણોત્સવ-૬માં સી અને ડી ગ્રેડમાં આવેલ શાળાના આચાર્યોની બેઠક આગામી સપ્તાહમાં મારા અધ્યક્ષપદે યોજી અને તેના પરિણામની સુધારણા માટે સઘન મોનીટરીંગ કરવાની કડક સૂચના આજે જિલ્લા કલેક્ટર સતીષ પટેલે આપી હતી.

તેમણે આજે જિલ્લા પંચાયતના શાખાધિકારીઓની બેઠકમાં વિશેષ સંબોધન કરતાં જણાવ્યું હતું કે સુવિધાઓ ઉપલબ્ધ હોવા છતાં નબળુ પરિણામ સાંખી શકાય નહિ. તેમણે આ નબળા પરિણામવાળી શાળાના આચાર્ય અને શિક્ષકોની પણ પરીક્ષા લેવી જોઈએ તેવુ સૂચન કર્યું હતું.

જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતુ કે વિભાગો-વિભાગો વચ્ચે અને શાખા-શાખાઓ વચ્ચે સંકલનનો અભાવ સારી વાત ન કહી શકાય. આગામી દિવસોમાં જિલ્લાનું સમગ્ર તંત્ર એક ''ટીમ ગાંધીનગર'' તરીકેની પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી દેશે અને પ્રજાભિમુખ વહીવટીતંત્રની અનુભૂતિ લોકોને તમારા સૌના સહયોગથી કરાવશે તેવો મને વિશ્વાસ છે.

તેમણે ગરીબ કલ્યાણ મેળાના આયોજનો પર અત્યારથી જ ધ્યાન કેન્દ્રીત કરવા માટે જણાવ્યુ હતુ. તેમણે ખેડૂતો પાકવીમા, કૃષિ-સિંચાઈ યોજના તેમજ સરળ ખેત ધિરાણ સહિતની યોજનાઓનો લાભ ખેડૂતોને મળતો થાય તે દિશામાં કામગીરી કરવા પર પણ ભાર મુક્યો હતો.

ગુણોત્સવના નબળા પરિણામની સાથે સાથે તેમણે કૂપોષણને લઈ ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યુ કે શિક્ષણ વિભાગ અને બાલ વિકાસ વિભાગ વચ્ચે સંકલનનો અભાવ હોય તેવુ લાગે છે.

● અનુસંધાન પાન-૭ પર

માહિતી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા ઈનોવા વાહન માટે બ્રિજસ્ટોન કંપનીના ૨૦૫ ટ ૬૫ આર ૧૫ સાઈજના (રેડીયલ) પાંચ નંગ ટાયર ટ્યુબ ખરીદી માટે ઓથોરાઈઝ્ડ વિક્રેતા પાસેથી ઓથોરીટી લેટર સાથે ભાવો મંગાવવામાં આવે છે. ભાવો પોતાના લેટર પેડ પર બંધ કવરમાં તા. ૫/૭/૨૦૧૬ સુધીમાં માહિતી નિયામકશ્રીની કચેરી રજીસ્ટ્રી શાખા બ્લોક નંબર-૧૯ ગાંધીનગર ખાતે મળે તે રીતે મોકલવાના રહેશે.

માહિતી/૭૫૬/૨૦૧૬-૧૭ માહિતી નિયામક

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com